# અતિશય ઠંડીના કારણે જિલ્લાના પૂર્વ વિસ્તારના ખેડૂતો ચિંતાગ્રસ્ત



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૧૨

સમગ્ર ભારતમાં કડકડતી ઠંડીનું મોજુ ફરી વળતા ઠંડીની અસર જનજીવનની સાથે સાથે ખેતી ક્ષેત્રે પણ થવા પામી છે. ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તારમાં રવિપાક તરીકે ઘઉં, બટાકા તથા લીલા શાકભાજીનું વાવેતર સારા પ્રમાણમાં થયું છે. પરંતુ હાડ થીજાવી નાખતી આ ઠંડીના કારણે આ વાવેતર પર વિપરીત અસર થવાની સંભાવનાના કારણે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

ગાંધીનગર જિલ્લાના ચિલોડા, મોટી શિહોલી, શાહપુર, લવારપુર અને ડભોડના વિસ્તારોમાં ખાસ કરીને શિયાળુ ભીંડાનું વાવેતર આ વર્ષે વિક્રમજનક થવા પામ્યું છે. ભીંડાના આ વાવેતરમાં ખેડૂતોએ મોંઘાદાટ બિયારણ ઉપરાંત અન્ય ખર્ચાઓ પણ કરવામાં પાછીપાની કરી નથી.

હાલ ચાલી રહેલ કડકડતી ઠંડીના કારણે આ પાક પર વિપરીત અસર થવાની શક્યતાઓ જોતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી જવા પામી છે. વહેલી સવારે ઝાકળ બિંદુઓ અને સુસવાટા ભરી શીત લહેરથી ભીંડાના પાકને અસર થવાની સંભાવના રહેલી છે અને જો આવનારા દિવસોમાં જો ઠંડી હજુ વધશે તો ભીંડાના પાકને ભારે નુકશાન થવાની ભીતિ રહેલી છે. આથી ખેડૂતોએ પાકને બચાવવાના વિવિધ પ્રયત્નો આદર્યા છે.

### ખોરજ-ખોડીયાર વળાંક પાસે બેફામ જતી

# હોન્ડા સીટી કાર ફંગોળાઈને ગુલાંટ મારી ગઈ : એકનું મૃત્યુ

## ફંગોળાઈને ડીવાઈડર કુદી ગયેલી કાર ફેન્સીંગ તોડીને બીજા રસ્તે ઘુસીને આઈ-૨૦ કાર સાથે ટકરાઈ : ૧૧ ઘાયલ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-સરખેજ હાઈવે પર ખોરજ ખોડીયાર પાસે વળાંક પર બેફામ ગતિએ જતી હોન્ડા સીટી કારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ કાર ફંગોળાઈને ગુલાંટ મારી દીધા બાદ સામેના માર્ગે ઘુસી જતા આઈ-૨૦ કાર સાથે પણ ટકરાઈ હતી. આ અકસ્માતમાં હોન્ડા સીટીમાં સવાર ૨૪ વર્ષીય યુવાનનું મૃત્યુ નિપજયું છે જયારે ૧૧ વ્યકિતને નાની-મોટી ઈજાઓ થવા પામી છે. અડાલજ પોલીસે આ અકસ્માત અંગે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

સવારના અરસામાં હોન્ડા સીટી ગાડી ગાંધીનગરથી અમદવાદ તરફ એસ.જી.હાઈવે પર પસાર થઈ રહી હતી તે દરમિયાન ખોરજ પેટ્રોલ પંપ પાસે વળાંક પર હોન્ડાસીટીના ચાલકે બેફામ ગતિને કારણે કાબુ ગુમાવી દેતા કાર હવામાં ફંગોળાઈને ડિવાઈડર સાથે ટકરાઈ બંને ફેન્સીંગ તોડીને સામેના માર્ગે ચઢી ગઈ હતી. સામેથી આવી રહેલી આઈ-૨૦ કાર સાથે ફંગોળાયેલી હોન્ડા સીટી ધડાકાભેર અથડાઈ હતી. આ ગંભીર અકસ્માતમાં હોન્ડા સીટીમાં સવાર નવરંગપુરા વિસ્તારના ૨૪ વર્ષીય યુવાન ભૌમિલ અમિતભાઈ ગાંધીનું મૃત્યુ નિપજયું હતું. જયારે ઘટનામાં ૧૧ વ્યકિતઓને નાની મોટી ઈજાઓ થતાં તેઓ અમદાવાદની અલગ અલગ ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા છે. આ ગંભીર અકસ્માત અંગે નિલકંઠભાઈ મોદીની ફરિયાદ લઈને અડાલજ પોલીસે વધુ તપાસ શરુ કરી છે.



ગાંધીનગર શહેરના સેન્ટ્રલ વિસ્ટા મહાત્મા મંદિર રોડ પર સવારના અરસામાં બાઈક ચાલકને બચાવવા જતાં કારને અકસ્માત સર્જાયો હતો. અચાનક આડા ઉતરેલા બાઈક ચાલકને બચાવવા જતા કાર ચાલકે તેની ગાડીનું સ્ટીયરીંગ ફેરવી નાંખ્યું હતું. જેથી તેની કાર રસ્તાની બહાર ઝાડીમાં ઘુસી ગઈ હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈને ઈજા કે જાન હાની થવા પામી ન હતી.

# ઈદ-એ મિલાદ અને ઉત્તરાયણ પર્વ એક જ દિવસે હોવાથી પોલીસ એલર્ટ

ગાંધીનગર, તા.૧૨

૧૪ જાન્યુઆરીના રોજ ઉત્તરાયણ અને ઈદ એ મિલાદ પર્વ એક જ દિવસે હોવાથી ગાંધીનગર જિલ્લા પોલીસને અલર્ટ કરી દેવામાં આવી છે. પોલીસ બંને તહેવારો એક સાથે હોવાથી સતત પેટ્રોલીંગ અને સઘન ચેકીંગ હાથ ધરશે.

પ્રાપ્ત માહિતી અનુસાર ૧૪મી જાન્યુઆરીના રોજ એક જ દિવસે ઉત્તરાયણ અને ઈદ એ મિલાદ પર્વ હોવાથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કમર કસી લીધી છે. ગાંધીનગર જિલ્લા પોલીસને એલર્ટ કરતા પોલીસ હવે જિલ્લાના વિવિધ સ્થળોએ નાઈટ પેટ્રોલિંગ કરશે. જયારે શહેરના સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં સખત વોચ રાખશે અને જયાં જરુરીયાત જણાશે તેવા સ્થળોએ પોલીસ પોઈન્ટ મુકી ઉપરાંત પોલીસને સ્ટેન્ડ ટુ કરી દેવાશે.

# ગાંધીનગર-કલોલમાં બાઈક ચોરી કરનાર શખ્સ ઝડપાયો

## એલસીબીએ વાવોલ ફાટકેથી પકડી પાડીને પુછતાછ કરતાં ત્રણ બાઈક ચોરી કર્યા હોવાની કબુલાત કરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરના કોમર્શીયલ કોમ્પલેક્ષના પાર્કિંગમાંથી વાહન ચોરીના કિસ્સાઓ બનવા લાગ્યા છે. જેને પગલે એસ.પી. શરદ સિંઘલે એલસીબીને વાહનચોરો પકડવા સુચન આપતા બાતમીદારો સક્રીય કર્યા હતા. એક શખ્સને પકડી પાડી પુછપરછ કરતાં તેણે ગાંધીનગરમાં બે અને કલોલમાં એક મળી ત્રણ બાઈકો ચોર્યા હોવાની કબુલાત કરી છે. એલસીબીએ બાઈકચોરની ધરપકડ કરી સે. ૭ પોલીસને સોંપી દીધો છે.

એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી હે.કો. મનુજી, રાજેન્દ્રસિંહ પો.કો. સંદિપસિંહ, વિપુલભાઈ, જયવિરસિંહ તથા રાકેશકુમાર સહીતની ટીમ ગઈકાલે પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાઈક ચોર યુવાન વાવોલ ફાટક પાસેથી પસાર થાય છે તેવી બાતમી મળતા ટીમ ફાટક પાસે પહોંચી ગઈ હતી અને સ્નેહ રેસીડેન્સી બોરીસણા પેટ્રોલ પંપની બાજુમાં કલોલ ખાતે રહેતા તથા મુળ કડી તાલુકાના વામજ ગામે રહેતા અમીત મોહનભાઈ પટેલને ઝડપી લીધો હતો. ચોરીના પેશન બાઈક નં. જીજે-૧૯-એ.ડી.૭૪૦૭ સાથે તેને પકડી પાડીને પુછપરછ કરતાં આ બાઈક પાંચેક દિવસ પહેલા મેઘમલ્હાર કોમ્પલેક્ષના પાર્કીંગમાંથી ચોર્યું હોવાની કબુલાત કરી હતી. અમિતની ઉંડી પુછપરછ કરવામાં આવતાં ત્રણેક દિવસ અગાઉ સેક્ટર-૯ એરફોર્સ સામેથી એક બાઈક તથા દોઢેક વર્ષ પહેલા કલોલ બોરીસણા રોડ પર હાલ જે સોસાયટીમાં રહે છે તે સ્નેહ રેસીડેન્સીમાંથી પણ એક બાઈક મળીને ત્રણ બાઈકો ચોર્યા હોવાની કબુલાત કરી છે. એલસીબી પોલીસે તેની ધરપકડ કરી સે. ૭ પોલીસને સોંપતા પોલીસે વધુ પુછપરછ હાથ ધરી છે.

### લંડનથી બહેને મોકલેલા મોબાઈલની ઉઘરાણી થતા ચોરીના રવાડે ચઢ્યો

ઝડપાયેલો બાઈક ચોર સે. ૮માં એક અધિકારીના ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. તેની બહેન લંડન છે. તેણીએ અમિત માટે કિંમતી આઈ ફોન મોબાઈલ મોકલ્યો હતો. આ મોબાઈલ ગર્લફ્રેન્ડ પાછળ ખર્ચા કરવા તેણે તેના મિત્રને રૂ. ૨૫ હજારમાં ઘેર પુછ્યા વગર વેચી માર્યો હતો. આ મોબાઈલ તેની પાસે ઘણાં દિવસ ના દેખાતા ઘરેથી મોબાઈલની ઉઘરાણી કરવામાં આવી. જેથી મોબાઈલ પરત લેવા માટે અમિત બાઈક ચોરીના રવાડે ચઢી ગયો હોવાની કેફીયત પોલીસ સમક્ષ આપી રહ્યો છે.




ગાંધીનગર ખાતે સેવાક્ષેત્રે નવી સંસ્થા 'અભિનવ' ચેરીટેબલ ટ્રસ્ટનો શુભારંભ સર્વરોગ નિદાન યજ્ઞ દ્વારા થયો હતો... નવ તબીબોના સેવાકીય વિચારને આકાર આપતી સંસ્થાના ઉદય પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી રજનીકાન્ત પટેલ, પૂજ્ય ગુરૂમા, ફાધર હેક્ટર સહિત નગરના વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સેંટ ઝેવિયર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સંગઠન 'રેક્ષા'ના કાર્યકરોએ સફળતા માટે ભારે જહેમત ઉઠાવી હતી.
(તસવીર : કશ્યપ નિમાવત)

# અભિનવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

## ઝેવિયર્સ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની 'ટેક્ષા-જી' સંસ્થાના સભ્યોએ સ્વંયસેવકની સેવાઓ પુરી પાડી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગરના સે. ૮ ખાતેઆવેલી વિખ્યાત સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના પટાંગણમાં અભિનવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટેક્ષા-જીના સહકારથી નિઃશુલ્ક સર્વરોગ નિદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગાંધીનગરના નામી અને પ્રતિષ્ઠિત ડૉક્ટરોએ તેમની સેવાઓ આપી હતી.

ગાંધીનગર શહેર તથા આસપાસના ગામડાની જાહેર જનતાના લાભાર્થે આ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં શહેરના વિવિધ રોગોના દાક્તરોએ મળીને દિવસ દરમ્યાન કુલ ૧૮૫ જેટલા દર્દીઓને તપાસ્યા હતા. અભિનવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા કરાયેલ આ આયોજનને ઝેવિયર્સ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સંસ્થા 'ટેક્ષા-જી'નો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કેમ્પના ઉદ્‌ઘાટન સમારંભમાં રાજ્યના ગૃહમંત્રી રજનીભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ગૃહમંત્રીએ તેમના પ્રાસંગિક પ્રવચનમાં સુખની આગવી વ્યાખ્યા સમજાવી હતી તેમજ તક મળે ત્યારે દરેકે આવા સુંદર કાર્યો કરતા રહેવાનુંજણાવી આ કેમ્પના આયોજનને બિરદાવ્યું હતું.

આ સમારંભમાં સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરૂમા સમાનંદજીએ પ્રેરક ઉદ્‌બોધન કરતા 'પ્રેમ જેવું કોઈ મહાન શસ્ત્ર નથી' જણાવતા વધુમાં વધુ દર્દીઓ અને પીડીતોની સેવા કરી શકે તે માટે આયોજકોને શુભેચ્છાઓ પાઠવી હતી. આ ઉપરાંત ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, કાંકરિયાની દિવાન બલ્લુભાઈ શાળાના ભૂતપૂર્વ આચાર્ય રસિકભાઈ મહેતા, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ફાધર હેક્ટર પિન્ટો, એડવોકેટ અને ભૂતપૂર્વ રોટરી કલબ અશ્વિન ત્રિવેદી, જાણીતા ચાર્ટડ એકાઉન્ટ જોય બક્ષી, યુએસ સ્થિત ફાર્માસીસ્ટ ભૂપેન પટેલ અને ભૂતપૂર્વ શિક્ષક બાબુભાઈ પટેલ વગેરે મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

અભિનવ ચેરિટેબલ ટ્રસ્ટે અમદાવાદના ઉસ્માનપુરાની વિદ્યાનગર હાઈસ્કૂલના ૯ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જેમાં અત્યારે ૪ ડૉક્ટર, ૪ એન્જીનીયર અને ૧ ફાર્માસિસ્ટ છે તેમના દ્વારા ચલાવાય છે. ટ્રસ્ટ તરફથી ડૉ. જીગ્નેશ રાજવીરે જણાવ્યું હતું કે આ ટ્રસ્ટ મુખ્યત્વે હેલ્થ એજ્યુકેશન એન્ડ વુમન એમ્પાવરીંગ એટલે કે આરોગ્યલક્ષી શિક્ષણ અને મહિલા સશક્તિકરણને ધ્યાનમાં રાખીને કાર્ય કરે છે. અન્ય સેવાકીય પ્રવૃત્તિઓને પણ તેમાં આવરી લેવાઈ છે.

શિબિરમાં કુલ ૧૩ ડૉક્ટરોએ તેમની સેવાઓ આપી હતી. જેમાં આંખ, કાન, નાક, ગળા, ગાયનેક, સ્કીન, સર્જરી, બાળરોગ, ઓર્થોપેડીક, ડાયેટીશીયન નિષ્ણાતો અને ફિઝીશીયન નિષ્ણાંતનો સમાવેશ થાય છે. આ શિબિરની સફળતામાં ઝેવિયર્સ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની 'ટેક્ષા-જી' સંસ્થાના કાર્યકરોએ વોલીયેન્ટર્સ તરીકે સેવાઓ આપી પ્રાણ પૂર્યા હતા. તેમજ ઝેવિયર્સ હાઈસ્કૂલનું પટાંગણ આ સેવાકીય પ્રવૃત્તિ માટે આપીને ફાધર હેક્ટર પિન્ટોએ પણ આયોજકોનો ઉત્સાહ વધાર્યો હતો.



સે. ૬-બી ખાતે સંજયગીરી ગોસ્વામી આયોજીત શીવકથામાં 'શીવ વિવાહ'નો સુંદર પ્રસંગને આયોજવામાં આવ્યો હતો. જેમાં ભાવિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૬
સૂર્યાસ્ત : ૫.૫૮

## તાપમાન

મહત્તમ : ૨૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૦૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૪૧ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૦૦, ૬.૦૦
ટાઈમપાસ (મરાઠી) : ૩.૦૦
શોલે -૩ડી : ૯.૦૦
: સ્ક્રીન-૨ :
દેશ ઈશ્કિયા : ૧૦.૧૫, ૪.૧૫,૧૦.૧૫
યારીયા : ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૯.૦૦, ૩.૧૫, ૯.૪૫
યારીયા: ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૪ :
યારીયા : ૯.૧૫, ૩.૩૦, ૪.૧૦.૦૦
જિલ્લા (તમિલ) : ૧૨.૦૦ ● વિરામ(તમિલ) : ૬.૩૦

### સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
યારીયા : ૩.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
વન ટાયરેકશન (અંગ્રેજી) ૩ડી : ૧૨.૪૫, ૬.૪૫
શોલે-૩ડી : ૩.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૪ :
યારીયા : ૧૦.૦૦ ● ધૂમ-૩ : ૧૨.૪૫, ૬.૪૫
વીરમ (તમિલ) : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૦૦
યારીયા : ૧૨.૪૫, ૬.૪૫ ● ધૂમ-૩ : ૩.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૬ :
યારીયા : ૧૨.૪૫ ● મિ. જોબી કરવાલો : ૪.૦૦
ધૂમ-૩ : ૬.૪૫ ● દેઢ ઈશ્કિયા : ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
દેઢ ઈશ્કિયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
યારીયા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ :૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ધૂમ-૩ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યારીયા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
દેઢ ઈશ્કીયા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ધૂમ-૩ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૦.૦૦
દેઢ ઈશ્કીયા : ૨.૦૦ ૧૦.૦૦ ● યારીયા : ૭.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ચરાગ સિનેમા(કલોલ)

ધૂમ-૩ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં આપનું મન પરોવાશે.

**કર્ક** : લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રયત્ન કરશો તો સફળતા જરૂરથી પ્રાપ્ત થઈ શકશે. શુભ કાર્યમાં સામેલ થવાથી યશ અને સન્માન પ્રાપ્ત મળી શકશે.

**સિંહ** : વિદ્યાર્થીઓને સ્પર્ધાઓમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. ઘણા દિવસથી અટવાયેલા રૂપિયા આપને આજે મળી શકે છે.

**કન્યા** : કૌટુંબિક ઉન્નતિ થઈ શકશે. કુટુંબીજનો અને મિત્રોના સહયોગથી સમસ્યાનું સમાધાન સંભવ છે. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરો વેપારમાં વૃદ્ધિ થશે.

**તુલા** : કાર્ય અને વ્યવસાયનાં ક્ષેત્રમાં વિભિન્ન અડચણોથી મન અશાંત રહેશે. ભોગ વૃત્તિને કારણે અધિક પ્રતિષ્ઠા મેળવી શકશો નહિ.

**વૃશ્ચિક** : સંતાનની પ્રગતિના સમાચારથી મન પ્રસન્ન રહેશે. મંગળ કાર્યોમાં ખર્ચ થવાની સંભાવના રહેલી છે. જીવનસાથીના આરોગ્યનું ધ્યાન રાખવું.

**ધન** : ખાનપાનની અનિયમિતતાથી બચવું. નોકરી- ધંધામાં મુશ્કેલીઓમાં વધારો થઈ શકે છે.

**મકર** : વિરોધાભાસ અને વિવાદને કારણે પરિણામ ત્વરીત પ્રાપ્ત ન પણ મળી શકે. રાજકીય કાર્યોથી દુર રહેવું.

**કુંભ** : તમારી વ્યવહાર કુશળતાથી વેપાર- વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. ગ્રાહકોથી મધુર સંબંધો જળવાઈ રહેશે.

**મીન** : સ્નેહીજનથી મુલાકાત થઈ શકશે. કાર્યોમાં ઉન્નતિ થશે. સ્ફૂર્તિ અને જોશમાં વધારો જણાય. ધાર્મિક બાબતે રુચિ વધશે.

## ચિરવિદાય

- સ્વ. નર્મદાબેન હરીભાઈ પટેલ(ઉ.વ. ૮૨) બ્લોક નં. ૬૪/૨, ઘ-ટાઈપ, સેકટર-૨૯, ગાંધીનગર.
- સ્વ. દેવજીભાઈ ધર્માજી ડાંગી(ઉ.વ. ૭૦) બ્લોક નં. ૮૫/૪, જ-ટાઈપ, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. પુનમચંદ મૂળાજી સોલંકી(ઉ.વ. ૭૩) પ્લોટ નં. ૨૨/૨, સેકટર-૨/એ, ગાંધીનગર.
- સ્વ. સુખાજી ગલાજી ઠાકોર(ઉ.વ. ૫૦) મુ.પો. વાસણા ચૌધરી, તા. દહેગામ, જિ. ગાંધીનગર.